રીવી/એન.એ./એસ.આર./ ૧૦/૨૦૧૧-૨૦૧૨

નં.જમીન-ડી/કલમ-૬૫/વશી/૩૯૭૬/૨૦૧૨
બિનખેતી શાખા,કલેકટર કચેરી,
રૂમ નં.૩૦, કોઠી બિલ્ડીંગ,
વડોદરા. તા.૦૪/૦૬/૨૦૧૨

: વાંચ્યા :

(૧) અરજદારશ્રી **અમીન કનુભાઈ નરસિંહભાઈ વિગેરે રહે. ૬૦૫, અરૂણદીપ કોમ્પલેક્ષ રેસકોર્સ (સાઉથ) વડોદરાની મોજે સવાદ તા.વડોદરાના સ.નં.૧૮૪/૧૧, ૧૮૪/૧૨, ટી.પી.નં.૬, ફા.પ્લોટ નં.૬૦/૧ તથા ૬૦/૨ ની અનુક્રમે ૫૭૭૦ તથા ૬૫૪ મળી કુલ ૬૪૨૪ ચો.મી.જમીનની રહેણાંકનાં હેતુ માટે જમીનની** બિનખેતીની પરવાનગી મળવાની **તા.૨૮/૦૪/૧૧ ની પુન : વિચારણા** અરજી

(૨) મામલતદારશ્રી શહેરના **પત્ર નં.જમીન/વશી/૨૫૫/૧૧, તા.૩૧/૦૧/૧૧ થી આવેલ દરખાસ્તનાં કાગળો.**

(૩) નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના ઝોન સર્ટીફીકેટ **નં.યુડીએ/ઝોન સર્ટી/૨૩૬૮/૨૦૦૮ તા.૨૩/૧૦/૦૮**

(૪) નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના **પત્રનં.યુડીએ/પ્લાન-૨/૬૧/૧૧ તા.૨૭/૦૧/૧૧ તથા નં.યુડીએ/પ્લાન-૨/૩૮૩/૧૨ તા.૩૧/૦૩/૧૨ થી આવેલ અભિપ્રાય**

(૫) નાયબ કલેકટરશ્રી,જમીન સુધારણા,વડોદરાના પત્ર નંબર ટેનન્સી/અપીલ/વશી/૨૫૩૮/૧૧ તા.૨૮/૦૪/૧૨ તથા નં.ટેનન્સી/અપીલ/વશી/૫૮૯/૧૨ તા.૨૫/૦૧/૧૨ થી થઈ આવેલ અભિપ્રાય.

(૬) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી (જ.સુ.),વડોદરાના પત્ર નં.યુ.એલ.સી./ડિ.નં.૭૨૧૩/ વશી/ ૬૯૧/૨૦૧૧ તા.૨૪/૧૧/૨૦૧૧ થી આવેલ અભિપ્રાય.

(૭) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીઓને અત્રેથી તા.૦૬/૦૧/૧૧ ના રોજ ઈસ્યુ કરેલ નોટીસ તથા રજુ થયેલ અભિપ્રાય

(૮) જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫

(૯) જમીન મહેસુલ નિયમોનાં નિયમ-૮૧(૨)

(૧૦) સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં કરાવ ક્રમાંકઃબખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

: હુકમ :

(૧) મોજે સવાદ તા.વડોદરાના નીચે જણાવેલ સર્વે નંબરોવાળી **ખેતીની જમીન (૧) શ્રી અમીન કનુભાઈ નરસિંહભાઈ (૨) શ્રી અમીન આશિષ કનુભાઈનાં** સંયુકત ખાતે ચાલે છે.

| સર્વે નંબર | ટી.પી. નંબર | ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧૮૪/૧૧ | ૬ | ૬૦/૧ | ૫૭૭૦ |
| ૧૮૪/૧૨ | | ૬૦/૨ | ૬૫૪ |
| | | કુલ | ૬૪૨૪ |

(૨) માલિકી હકકપણા (ટાઈટલ) બરાબર હોવાનુ તથા યુએલસી કાયદા હેઠળ જમીન ફાજલ થયેલ નથી તેમજ સરકાર હસ્તક કબજો લેવાયેલ નથી તેમજ કબજો અરજદાર પાસે છે તથા જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલ ચાલુમાં નથી તેમજ જમીનમાં કોઈ સરકારી લેણું વસુલ લેવાનું બાકીમાં નથી તેમ મામલતદારશ્રીએ જણાવેલ છે.

(૩) સવાલવાળી જમીન અંગે વુડા કચેરીનું **વંચાણ-૩** થી જરૂરી ઝોન સર્ટી. રજુ થયેલ છે. તે મુજબ સવાલવાળી જમીન મુ.દિ.પુ.વિ.યોજનામાં **રહેણાંક ઝોન (આર-૧)** માં આવે છે.

(૪) નગર નિયોજકશ્રી શહેરી વિકાસ સત્તા મંડળ વડોદરાના **વંચાણ-૪** ના પત્ર મુજબ સવાલવાળી જમીન હાલ અમલી મંજુર યોજનામાં તથા મુ.દિ.પુ.વિ.યોજનામાં રહેણાંક ઝોન (આર-૧) માં આવે છે. જેથી રહેણાંકના હેતુ માટે પરવાનગી આપવા ઝોનની દ્રષ્ટિએ વાંધા સરખું નથી તેમ અભિપ્રાય આપેલ છે.

